ડેપોમાં પબ્લિક એનાઉન્સમેન્ટ સિસ્ટમની વ્યવસ્થા કરવા માંગણી

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગર એસ ટી ડેપોમાં શહેરી સર્વિસ માટે નવો કન્ટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે. જેના લીધે શહેરી સ્ટેન્ડના મુસાફરોએ બસ અંગેની ઈન્કવાયરી તેમજ પુછપરછ કરવાનુ પણ સરળ રહેશે. આ ઉપરાંત મુસાફરો દ્વારા આ ઠેકાણે એનાઉન્સમેન્ટ સિસ્ટમની વ્યવસ્થા કરવા પણ રજુઆત કરવામાં આવી છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં વર્ષોના અંતે પ્રથમવાર શહેરી બસ સેવાને અનુલક્ષીને નવો કન્ટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે. આ માટે મુસાફરોની બસ સેવાને લગતી પુછપરછ માટે નવો નંબર પણ ફાળવી દેવાયો છે. ફોન નં ૨૩૨૨૨૨૧૨ પર સંપર્ક કરવા માટે પણ ડેપો તંત્ર દ્વારા જણાંવાયુ છે. જયારે ડેપોમાં મુસાફરોને બસની ગતિવિધિઓની જાણ થાય તે માટે પબ્લીક એનાઉન્સમેન્ટ સિસ્ટમની વ્યવસ્થા કરવા પણ માંગ ઉઠવા પામી છે. વધુમાં સ્વચ્છતા અને બસની નિયમિતતા અંગે ડેપો તંત્ર વધુ સજાગ બન્યુ છે. મુસાફરો આ માટે ડેપો તંત્રને જાણ કરે તે માટે બોર્ડ પણ લગાવી દેવાયા છે. બસ સેવાને લગતા સુચનો તેમજ ફરિયાદ અને સ્વચ્છતાના મુદ્દે પણ મુસાફરો સીધા જ ડેપો મેનેજરને જાણ કરે તેમ પણ જણાંવાયુ છે.

અરવલ્લી જિલ્લા આયોજિત મહેસૂલી કામગીરી ઓપન હાઉસ અંતર્ગત વિવિધ લાભોનો વિતરણ કાર્યક્રમ મહેસુલ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષ સ્થાને મોડાસા નગરપાલિકા ટાઉનહોલ ખાતે યોજાયો હતો. જિલ્લા ભાજપા પ્રમુખ રણવીરસિંહ ડાભી, પુ. ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, નગરપાલિકા પ્રમુખ વનીતાબેન પટેલ તથા પક્ષના હોદ્દેદારો હાજર રહ્યા હતા. જેમાં ૪ હજાર જેટલી સમસ્યાઓનો નિરાકરણ લાવવામાં આવ્યુ. તેમાં મોડાસા હોટલ એસોસિએશને ૨૧,૧૨૧ રૂ.નો ચેક ઉરી ખાતે શહીદ થયેલ સૈનિકોના સહાયરૂપે અર્પણ કર્યો.

રાજ્યનાં ૬૬ હથિયારી પી. એસ. આઈ.ને પી.આઈ.નું પ્રમોશન

ગાંધીનગરનાં પાંચ હથિયારી પી.એસ.આઈ.નો પણ સમાવેશ

ગાંધીનગર, તા.૨૩

રાજ્યનાં પોલીસ વડા પી.પી.પાન્ડેયએ ગુજરાત રાજ્યમાં ફરજ બજાવતા હથિયારી પી.એસ.આઇ પૈકી ૬૬ પી.એસ.આઇ ને પી.આઇ તરીકે પ્રમોશનનાં ઓર્ડર જારી કર્યા છે. પી.એસ.આઈમાંથી પી.આઈ તરીકે બઢતી પામનારની યાદીમાં ગાંધીનગર એસ.આર.પી ગૃપ.૧૨ અને સલામતી શાખામાંથી પાંચ પી.એસ.આઇનો પણ સમાવેશ થાય છે.

ગાંધીનગરમાં અલગ અલગ શાખામાં ફરજ બજાવતા પી.એસ.આઇ વી. ડી. રાજપુત, આર. જે. રાણા, એસ. એસ. ઝાખડ, આઇ.પી.યાદવ અને કે.એ.ઝાલાને પી.આઇ તરીકે બઢતી મળવા પામી છે. વડોદરાથી એક પી.એસ.આઇ કે.એમ.તડવી બઢતી લઈને ગાંધીનગર આવ્યા છે.

સે-૨૫માં આઈસ્ક્રીમની ફેક્ટરીમાંથી લેપટોપ ચોરી જનાર શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરનાં સે-૨૫ ખાતે સ્થિત જીઆઈડીસી ખાતે આવેલી આઈસ્ક્રીમની ફેક્ટરીની ઓફીસમાંથી લેપટોપની ઉઠાંતરી ચારેક માસ પહેલા થવા પામી હતી. ઓફીસમાં ઘુસીને કોઇ શખ્સ એક જ કલાકનાં સમયગાળામાં લેપટોપ ચોરી ગયુ હતુ. આ મામલે લેપટોપ માલીકે સે-૨૧ પોલીસ મથકમાં ચોરી અંગે ફરિયાદ આપી હતી. લેપટોપ ચોર આજે સે-૨૪ માં વેચવા ફરી રહ્યો હતો તેને એલ.સી.બીની ટીમે પકડી પાડ્યો છે.

મળતી માહિતી મુજબ સે-૧૯ ખાતે પ્લોટ નં ૯૯/એ માં રહેતા ધ્રુવાંગ ભુપેન્દ્રભાઈ જોષી સે-૨૫ જીઆઈડીસી ખાતે પ્લોટ નં ૭૬/એ માં આઇ કોન્ટ્રાસ્ટ આઈસ્ક્રીમની ફેક્ટરી ધરાવે છે. ચારેક માસ પહેલા સાંજે ૫ થી ૬ વાગ્યાનાં સમયગાળામાં તેમની ફેક્ટરીની ઓફીસમાં પડેલા લેપટોપને કોઇ ઉઠાવી ગયુ હોવાની ઘટના બનવા પામી હતી. એક કલાકમાં કોઇ શખ્સ તેમની ઓફીસમાં ઘુસીને રુ.૨૦ હજારની કિંમતનુ લેપટોપ ચોરી કરી સરકી ગયુ હતુ. ઓફીસનાં સ્ટાફનાં માણસોમાં પુછતાછ કર્યા બાદ પણ લેપટોપ ઉઠાવી જનાર શખ્સનુ પગેરુ ન મળતા આખરે ધ્રુવાંગે સે-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. દરમ્યાન આજે લેપટોપ ચોર બાઈક લઈને સે-૨૪ ખાતે લેપટોપ વેચવા માટે ફરી રહ્યો હતો. આ બાતમીને આધારે પી.આઇ આશુતોષ પરમારની સુચનાથી તેમની ટીમે સે-૨૪ માંથી મુળ મહેસાણાનો અને હાલ પેથાપુર તેના મામાનાં ઘરે તરપોજ વિસ્તારમાં રહેતા આસિફ યાકુબ સિપાઈને પકડી પાડ્યો છે. તેની

પુછતાછમાં જાણવા મળ્યુ છે કે ચારેક માસ પહેલા સાંજનાં અરસામાં તે જીઆઈડીસી પાસેથી નિકળ્યો હતો અને આ ઓફીસ ખુલ્લી જોઇ હતી અને ત્યા કોઇ હાજર જોવા મળ્યુ ન હતુ. એટલે તકનો લાભ લઈને તે લેપટોપ ઉઠાવી ગયો હતો. તેની ધરપકડ કરીને પોલીસે વધુ તપાસ શરુ કરી છે.

વનતંત્રના મજુરોને છેલ્લા ત્રણ મહીનાથી પગાર ચુકવાતો નથી

ગાંધીનગર તા ૨૩

વન વિભાગના મજુરોને મહેનતાણુ ન ચુકવાતુ હોવાના આક્રોશ સાથે શ્રમિકો દયાજનક સ્થિતિમાં મુકાયા છે. વન તંત્રના મજુરોને અગાઉ પણ લાંબા સમય સુધી પગાર ચુકવાયો ન હોવાથી મજુરો કામ પર જવાનુ ટાળતા હતા. હાલ પણ ગાંધીનગર રેન્જમાં કામ કરતા ૧૧ મજુરોને છેલ્લા ત્રણ મહીનાથી પગાર મળ્યો ન હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. આવા સંજોગોમાં મજુરોના પરિવારજનોએ પણ આર્થિક ભીંસ વેઠવાનો વારો આવ્યો છે.

વનતંત્રની કામગીરીની સાથે વહીવટ પણ કથળ્યો છે. છેલ્લા કેટલાક સમયથી ચાર્જમાં ચાલતા વનતંત્રમાં મેન પાવર અને મશીનરીનો અભાવ વર્તાય છે. હાલ મેન પાવર અને મશીનરીના અભાવ વચ્ચે શહેરમાં વૃક્ષોના ટ્રીમીંગ સહીતની કામગીરી પણ તેજ ગતિએ હાથ ધરી શકાતી નથી. ગત ચોમાસા દરમિયાન પણ મજુરોના અભાવ વચ્ચે ધરાશાયી થયેલા વૃક્ષોને દુર કરવાની કામગીરી લાંબા સમયના અંતે પુર્ણ થઇ હતી. જયારે આ દરમિયાન પણ મજુરોને કાવડીયા ન ચુકાવાયા હોવાનો આક્રોશ પ્રબળ બન્યો હતો. વનતંત્રએ વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી ઝડપથી હાથ ધરવાની અનિવાર્યતા હોવાની બુમ ઉઠવા પામી છે. ત્યારે ટાંચા સાધનો તેમજ મજુરોની સંખ્યાના અભાવે આ કામ કરવાનુ મુશ્કેલ બન્યુ છે.બીજીતરફ તંત્ર માટે કામ કરતા મજુરોને સમયસર પગાર ન ચુકવાતા રોષ ભભુકયો છે. વન તંત્રના ૧૧ મજુરોને છેલ્લા ત્રણ મહીનાથી પગાર ચુકવાયો નથી. જેના લીધે મજુરો દયાજનક સ્થિતિમાં મુકાઇ ગયા છે. ગ્રાન્ટના અભાવે પગાર ચુકવાતો ન હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ત્યારે ત્વરિત અસરથી મજુરોને પગારની બાકી રકમ ચુકવવા માટે માંગ ઉઠવા પામી છે.

રાંધેજાની યુવતી પર આબરુ લુંટવાનાં ઈરાદે હુમલો

બહેન સાથે અગાઉ થયેલી માથાકુટની અદાવત યુવતીના ઘરે જઈને કૃત્ય કરનાર ચાર સામે ફરિયાદ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીક આવેલા રાંધેજા ગામની સિમમાં સ્થિત એક ફ્લેટમાં રહેતી યુવતી ફેશન ડીઝાઈન વર્ક કરે છે. આ યુવતીને પેથાપુરની પ્રકાશબા નામની યુવતી સાથે અગાઉ કોઈ કારણોસર માથાકુટ થઈ હતી. આ માથાકુટની અદાવત રાખીને પ્રકાશબાનાં ભાઈ જયેન્દ્રસિંહ ડાભી તેના બે મિત્રો જયદિપસિંહ રાઠોડ અને સહેઝાદ રાઠોડ ઉપરાંત એક યુવતી પાયલબેન વ્યાસને લઈને તે યુવતીને ઘરે પહોંચી ગયા હતા. યુવતી સાથે ઝપાઝપી કરી ગાળાગાળી કરી મારી નાંખવાની ધમકી આપી હતી અને આબરુ લુંટવાના ઈરાદે ગુનાહિત બળ વાપરી હુમલો કર્યો હતો. ગઈ રાત્રે બનેલી આ ઘટના મામલે યુવતી એ ફરિયાદ આપતા પેથાપુર પોલીસે આઈ.પી.સી કલમ ૪૫૨, ૩૫૪, ૪૨૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) અને ૧૧૪ મુજબ ચારેય સામે ગુનો દાખલ કરીને ધરપકડ કરી લઈ વધુ તપાસ શરુ કરી છે.

સાબરકાંઠા અંધજન મંડળ દ્વારા ત્રિદશાબ્દી મહોત્સવ યોજાયો

હિંમતનગર, તા. ૨૩

રાષ્ટ્રીય અંધજન મંડળ અરવલ્લી અને સાબરકાંઠા દ્વારા હિંમતનગરના ટાઉનહોલ ખાતે શુક્રવારે સન્માનીય રાજયપાલ ઓ.પી. કોહલીની ઉપસ્થિતિમાં ત્રિદશાબ્દી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

હિંમતનગરના ટાઉનહોલ ખાતે આયોજીત દિવ્યાંગજનોને શૈક્ષણિક સાધન કિટ્સ વિતરણ કાર્યક્રમ તથા સેવારત કર્મીઓનો સન્માન સમારોહમાં સહભાગી લોકોને ઉદ્બોધન કરતા રાજયપાલ ઓમ પ્રકાશ કોહલીએ જણાવ્યું હતું કે, જે લોકો દિવ્યાંગજન નથી તેવા લોકોને સામાન્યંગ કે સામાન્યજન કહી શકાય, પરંતુ દિવ્યાંગજન તેમની ક્ષમતા કરતા વધુ પ્રદર્શન કરે છે જે તેમને નિરંતર કર્મ કરવા માટે પ્રેરે છે. પોતાના મન પર પડેલા પ્રભાવની વાત કરતા ઉમેર્યું હતું કે દિવ્યાંગજનના આત્મવિશ્વાસમાં વધારો કરવામાં આવે તો તેમની ક્ષમતામાં વધારો થાય છે. તેથી તેમના આત્મવિશ્વાસમાં ઉણપ ન આવે તે માટે જાગરણનું કામ કરવાનું છે. આ તબક્કે તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા તાજેતરમાં જ નવસારી ખાતેના કાર્યક્રમમાં દિવ્યાંગજનોમાં આત્મવિશ્વાસ સાથે આત્મગૌરવ વધારવાનું કાર્ય ગણાવ્યું હતું. રાજયપાલે દિવ્યાંગજનોના સેવાકાર્યને પવિત્ર ધાર્મિક કાર્યથી ઓછુ ન ગણાવતા તે વિશેની સમજ આપતા તેમણે ઉમેર્યુ હતું કે સામાન્ય જન માનસમાં ધર્મ પ્રત્યે ધૃણા પેદા કરતા હોય તેવો ભાવ પેદા થાય છે જે બધાને વિભાજીત કરતા હોય તેવુ લાગે પરંતુ તેની પરીભાષા સમજાવતા જણાવ્યું કે ધર્મની સરળ અને વ્યવહારીક પરીભાષા હોય છે.

મુખ્યમંત્રીના ટ્વીટર ટાઉનહોલ કાર્યક્રમનો નવતર પ્રયોગ : ભરત પંડ્યા

ગાંધીનગર, તા. ૨૩

રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ટ્વીટરના માધ્યમથી ટેકનોલોજીના ઉપયોગ દ્વારા રાજયના પ્રજાજનો સાથે સીધો સંવાદ યોજવાનો નવતર પ્રયોગ કરી જનસુખાકારીની દિશામાં એક મહત્વનું પગલુ ભર્યુ છે. એમ પ્રદેશ ભાજપ પ્રવકતા ભરત પંડ્યાએ જણાવ્યું હતું.

પ્રદેશ ભાજપ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે રાજય સરકાર લોકસંવાદ સેતુ સ્વાગત કાર્યક્રમ જેવા માધ્યમોથી પ્રજાની સમસ્યાઓના ઉકેલની દિશામાં કાર્યરત છે. ૨૧મી સદીમાં ડીઝીટલ ઈન્ડીયાના સ્વપ્નને સાકાર કરતા પ્રજા સાથે સીધો અને ઝડપી સંવાદ કરવા આજે ટ્વીટર ટાઉનહોલ યોજનારૂ ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે.

તલોદ પંથક વાયરલ ફિવરના ભરડામાં, ઘેર ઘેર માંદગીના ખાટલા, દવાખાના ઉભરાયા

તલોદ પંથકમાં વાયરલ ફીવરે માથુંઉંચકતા ઘેર ઘેર માંદગી ફરી વળી છે. તલોદ તાલુકામાં અનિયમિત વરસાદ અને ત્રણેય ઋતુઓની અસર વચ્ચે માનવીય શરીરો ઉપર ખરાબ અસરો વર્તાઈ છે. જેથી તાવ, ઝાડા-ઉલ્ટી, ચિકનગુનીયા, મેલેરિયા તેમજ શરીર તુટવાની અસંખ્ય ફરીયાદો સાથે તલોદના દવાખાનાઓ દર્દીઓથી છલકાઈ ગયા છે. તબીબો ઋતુ પ્રમાણેની માદગી હોવાનું જણાવી ખાવા-પીવા ઉપર ખાસ ધ્યાન તકેદારી રાખવાની સલાહ આપી રહ્યા છે.

તલોદ શહેર તેમજ મહિયલ, ખેરોલ, વકતાપુર, ઊજેડીયા, સલાટપુર, વરવાડા, મોહનપુર, હરસોલ, માધવગઢ, કેશરપુરા, ભાટિયા, મુધાસણા, તલોદ ગામ તેમજ રાયણીયા સહિતના અનેક ગામોમાં વાયરલ ફિવર ફરી વળતા ઘેર ઘેર માંદગીના ખાટલા મંડાયા છે. તો બીજી તરફ તલોદની સરકારી હોસ્પિટલ તેમજ ખાનગી દવાખાનાઓમાં મોટી સંખ્યામાં દર્દીઓ સારવાર અર્થે ઉમટી રહ્યા છે. આ તકનો લાભ લઈ તબીબો અને મેડીકલો મનમાન્યા દવાની ફી પડાવી દર્દીઓમાં દહેશત ઉભી કરી છે. દર્દીઓથી ચિક્કાર ભાસી રહેલા દવાખાનાથી દર્દીના સગાવાદ તેમની સાથે માંદગીનો અનુભવ કરી રહ્યા છે.

પંથકમાં વરસાદની અનિયમિતતા તેમજ ગરમી-ઠંડી એમ ત્રણે ઋતુઓની મિશ્રણ થતા વાતાવરણ દુષિત બની ગયુ છે. જેથી મચ્છર, માખી તેમજ અન્ય પ્રકારના જીવજંતુઓની ઉત્પત્તીમાં વધારો થતાં રોગચાળાએ માઝા મુકી દીધી છે. તલોદ શહેરના અનેક ગિચ વિસ્તારો જેવા કે માણેકલાલ શેઠની પોળ, અંબિકાનગર, રામનગર, માણેકલાલ માસ્તરની ચાલી, સિવિલ હોસ્પિટલ વિસ્તાર, કલાલની ચાલીમાં અસહ્ય ગંદકીના લીધે વાયરલ ફિવર વધુ વકર્યો છે.

તલોદ પ્રાથમિક આરોગ્યે કેન્દ્ર આ બાબતે ઉંઘતુ ઝડપાયુ હોય તેમ હજુ પણ નિષ્ક્રિય રહ્યુ છે. સમયસર દવાનો છંટકાવ અને પાલિકા દ્વારા નિયમિત સાફસફાઈ હાથ ધરાશે નહિ તો સ્થિતિ બેકાબુ બનવાની દહેશત વ્યક્ત થઈ રહી છે. તબીબો દ્વારા બ્લડ ટેસ્ટ, યુરીન ટેસ્ટ તેમજ અન્ય ટેસ્ટો કરાવી સારવાર કરાઈ રહી છે પરંતુ સાથોસાથ સ્વચ્છતા તેમજ ખાણી-પીણી અંગે જાગૃતતા કેળવવા ઉપર વિશેષ ભાર મુકી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે તલોદ શહેરમાં પ્રવેશ કરવાનો રેલવે તરફનો માર્ગ જ ગંદકીથી ખદબદી રહ્યો છે. છતાં તંત્ર દ્વારા આખ આડા કાન થઈ રહ્યા છે. શહેરમાં વકરેલા રોગચાળામાં મહદંઅંશે ખુલ્લામાં વેચાતી ખાદ્યવસ્તુઓ જવાબદાર બની રહી છે. ત્યારે પ્રજાજનોની સુખાકારી અર્થે તંત્ર કડક પગલા ભરે તે ઈચ્છનીય બન્યુ હોય તેમ લોકો જણાવી રહ્યા છે.

અનામત સ્થગિત

● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકારી નોકરીઓમાં તથા શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે બિન અનામત કક્ષાના આર્થિકરીતે નબળા વર્ગના લોકો માટે ૧૦ ટકા જગ્યાઓ અનામત રાખવાના વટહુકમને અમલી ન કરવા માટે પણ હુકમ કર્યો છે. સુપ્રીમ કોર્ટના ચુકાદાને ધ્યાનમાં લઈને કેટલીક કાર્યવાહી કરવાની ફરજ પડી છે. બિનઅનામત કક્ષાના આર્થિકરીતે નબળા વર્ગ માટે ૧૦ ટકા અનામત જાહેર કર્યા પહેલાની જે સ્થિતિ હતી તે હવે ફરી યથાવત રહેશે.

નામંજુર કર્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

હવે તેમને કિંમત ચુકવવી પડશે. એક મહત્વપૂર્ણ અને આક્રમક ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે આજે ખોટી માહિતી સંપત્તિ અંગે આપવા બદલ સહારાના વડા સુબ્રતા રોયને ફરી તિહાર જેલ ભેગા કરવાનો આદેશ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે સહારાના અન્ય બે ડિરેકટરોને પણ જેલ ભેગા કરી દેવાનો આદેશ કર્યો હતો. ગ્રુપ દ્વારા સંપત્તિની ખોટી માહિતી આપવામાં આવ્યા બાદ સુપ્રીમ કોર્ટે જોરદાર નારાજગી વ્યક્ત કરીને આ પગલુ લીધુ હતુ. સેબીએ અગાઉ માહિતી આપી હતી કે હરાજી માટે યાદીમાં રહેલી સંપત્તિને પહેલાથી જ આવકવેરા વિભાગ દ્વારા જપ્ત કરી ચુકી છે. જે પ્રોપર્ટી જપ્ત કરવામાં આવી ચુકી છે તે વેચી શકાય નહી. સુપ્રીમ કોર્ટે અગાઉ ૧૬મી સપ્ટેમ્બરના દિવસે સહારાના વડા સુબ્રતા રોયને ૨૩મી સપ્ટેમ્બર સુધી પેરોલ લંબાવી દીધા હતા.

વિમાનોના કરાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

૬૬ મહિનાઓમાં આને પુરી કરી લેવામાં આવશે. ૩૬ વિમાનોની કિંમત આશરે ૩.૪૨ અબજ યુરો અથવા તો ૨૫૫૪૨ કરોડ રૂપિયા રહેશે. તેમાં હથિયારોથી સજ્જ ખર્ચમાં ઉમેરો થશે. પરિસ્થિતિમાં ખર્ચ આશરે ૭૧ કરોડ યુરો અથવા તો ૫૩૦૨ કરોડ રૂપિયા રહેશે. ભારતની જરૂરિયાત ઉપર તેમાં ફેરફાર કરવા માટે ૧૭૦ કરોડ યુરો અથવા તો આશરે ૧૨૬૯૬ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. તેમાં બિયોનવિજ્યુઅલ રેંજ મેટિઓર એરટૂએર મિસાઈલ રહેશે જેની ત્રાટકવાની ક્ષમતા ૧૫૦ કિલોમીટરની રહેશે. આનો મતલબ એ થયો કે હવાઈ દળ ભારતીય વિસ્તારમાં રહીને પણ આ વિમાનોથી પાકિસ્તાનમાં અંદરના અડ્ડાઓને ટાર્ગેટ બનાવી શકશે. આ સમજૂતિને હાલના સમયમાં ખુબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.

એરસ્પેસ હોટલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુજરાત ગ્લોબલ સમિટ જેવા આંતરરાષ્ટ્રીય કક્ષાના ઈવેન્ટ માટે મહાત્મા મંદિર ખાતે ખુબ અગત્યની આધુનિક સુવિધા રાજય સરકાર દ્વારા વિકસાવાની છે તેમજ રાજય સરકાર દ્વારા માળખાકીય સુવિધા જે આંતરરાષ્ટ્રીય કક્ષાના એક્ઝીબીશન માટે જરૂરી છે. આ યોજનાનો વિકાસ થતાં મહાત્મા મંદિરની મુલાકાતે આવતા અને મહાત્મા મંદિર, એક્ઝીબીશન સેન્ટર અને વાયબ્રન્ટ ગુજરાત સમીટની મુલાકાત માટે આવતા મહેમાનો એક અદ્યતન સુવિધા મળી રહેશે. આ યોજના નિર્ધારીત સમયમાં ઉચ્ચ ગુણવત્તા સાથે પૂર્ણ કરવામાં આવશે. આ યોજનાથી મુલાકાતે આવતા મહેમાનો માટે સંપૂર્ણ ઈકો સિસ્ટમ, સુવિધાયુક્ત અને સંતોષકારક અનુભવ પુરો પાડશે. આ કંપની વડાપ્રધાનના સ્કેલ, સ્કીલ અને સ્પીડના વિઝનની ઉપર કામ કરશે. ગાંધીનગર રેલવેમાં ૭૪ ટકા ઈક્વીટી ફાળો રાજય સરકારનો રહેશે અને ૨૬ ટકા ઈક્વીટી ફાળો ઈન્ડિયન રેલ્વે સ્ટેશનનો રહેશે. રેલવે સ્ટેશનનો વિકાસ અને ૩૦૦ રૂમના અદ્યતન હોટલના બાંધકામની કામગીરી જે આ પ્રકારના બાંધકામમાં નિષ્ણાંત છે અને અદ્યતન ટેકનોલોજીથી સજ્જ છે તેને આ કામગીરી સોંપાશે. આ સમગ્ર પ્રોજેક્ટનો ખર્ચ રૂ. ૨૫૪ કરોડ થાય તેવો અંદાજ છે.

ખરીફ વાવેતર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં આ ચોમાસા દરમ્યાન ૬૧૦.૨૫ મિ.મિ. વરસાદ આજ સુધીમાં નોંધાયો છે. જિલ્લામાં ૨૫ ટકાથી વધુ વરસાદની ઘટ છે પરંતુ ખેડૂતો હજુ પણ વરસાદ આવશે તેવી આશા સેવી રહ્યા છે. આ વખતે જિલ્લામાં સૌથી ઓછો વરસાદ ગાંધીનગર તાલુકામાં નોંધાયો છે. ગાંધીનગરમાં ૪૮૫ મિ.મિ. વરસાદ નોંધાયો છે.

દહેગામ તાલુકામાં ૬૬૧ મિ.મિ., કલોલમાં ૫૯૦ અને માણસામાં ૭૦૫ મિ.મિ. વરસાદ નોંધાયો છે. આમ સમગ્ર જિલ્લામાં સરેરાશ ૬૧૦.૨૫ મિ.મિ. વરસાદ નોંધાયો છે.

છેલ્લા ખરીફ સિઝન પ્રમાણે જિલ્લામાં ૩જી ઓક્ટો. સુધીમાં ૬૪૧.૨૫ મિ.મિ. વરસાદ નોંધાયો હતો. જિલ્લામાં વરસાદની પેટર્નમાં પણ આ વખતે બદલાવ જોવા મળ્યો છે. વરસાદના દિવસો વધ્યા છે પરંતુ પાણી ઓછુ પડ્યુ છે.

પુરવઠો બંધ રહેશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જો કે આ વ્યવસ્થાના અંતે સેકટરોમાં પાણીની સમસ્યા હળવી થઈ હોવાનુ પણ મનાઈ રહયુ છે. શહેરમાં પાણી સપ્લાય કરવા માટે ચરેડી તેમજ સરીતા ખાતેના વોટર વર્કસનો ઉપયોગ કરવામાં આવે છે. જયારે ચરેડી વોટર વર્કસ ખાતે પાણીની મુખ્ય લાઈનમાં માઈનોર લીકેજીસ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આ ઉપરાંત સરીતા અને ચરેડીના પ્લાન્ટની સફાઈ પણ સમયાંતરે અનિવાર્ય હોવાથી તંત્ર દ્વારા આ બન્ને ઠેકાણે સફાઈ તેમજ સમારકામ હાથ ધરવામાં આવશે જેથી પાણીનો સપ્લાય બંધ રાખવામાં આવશે. તા ૨૪ સપ્ટેમ્બરના રોજ પાણીનો સપ્લાય બંધ રાખવામાં આવશે. ત્યારબાદ રાબેતા મુજબ પાણી વિતરણ કરવામાં આવશે. પાણીનો સપ્લાય બંધ રાખવાના મામલે તંત્ર દ્વારા અગાઉ પણ નાગરિકોને જાણ કરવામાં આવી હતી. જો કે આખો દિવસ પાણી નહીં આવવાનુ હોવાથી સેકટરવાસીઓએ હાલાકી વેઠવી પડશે.

કુશળ કલાકાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કલાની સાધના તેમણે છેવટ સુધી કર્યે રાખી હતી. અનેક સરકારી, બિનસરકારી ઉપક્રમોમાં કોરિયોગ્રાફર, નૃત્ય નિષ્ણાત, જજ તરીકેની સેવાઓ આપી ચૂકેલા વૅસ્લી આર્ટ ઍન્ડ ક્રાફ્ટના અચ્છા કલાકાર, કુશળ ડ્રેસ ડિઝાઈનર અને રસોઈ નિષ્ણાત પણ હતા. અનેક કલાકાર મિત્રોને, સ્નેહીઓને તેઓ પોતાના હાથે રસોઈ બનાવીને પ્રેમથી ખવડાવતા. રંગોળીના પણ કુશળ કલાકાર હતા. ટાઉનહૉલ અથવા કોઈ જાહેર કાર્યક્રમ વેળાએ પ્રસંગને અનુરૂપ રંગોળી તત્કાળ તૈયાર કરવા માટે એમની સેવાઓ અનેક સંસ્થાઓએ લીધી છે ને અનેક સંસ્થાઓ તેમને આ કલા માટે પણ ઓળખે છે.

ઉલ્લેખનીય છે કે ૧૫૦૦ કલાકારો સાથે 'માતાજીની પોળ' નામનો લોકનૃત્યોનો ભવ્ય કાર્યક્રમ રજૂ કરવાનું સ્વપ્ન તેઓ અધૂરું મૂકીને ગયા છે. ચર્ચમાં અંતિમ પ્રાર્થના બાદ સાંજે તેમની અંતિમ વિધિ ચરેડી કબ્રસ્તાન ખાતે કરવામાં આવી હતી. સદ્ગત માટે એક પ્રાર્થના સભાનું આયોજન આગામી તા. ૨૫ સપ્ટેમ્બર ને રવિવારના રોજ સવારે ૧૦ કલાકે કૅથોલિક ચર્ચ, સૅક્ટર-૮ના બેઝમૅન્ટ હૉલ ખાતે કરવામાં આવ્યું છે.

ઝુંબેશના નિરીક્ષક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે રવિવારે યોજાનાર ઝુંબેશમાં જિલ્લાના ૧૫૦૦થી વધુ કર્મચારીઓ અને અધિકારીઓ જોડાશે. આ સમગ્ર કામગીરીનું નિરીક્ષણ કલેક્ટર, પ્રાંત અધિકારીઓને સાથે રાખી તેઓ કરશે.

વૃક્ષોનું ટ્રીમીંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કામગીરી ઝડપભેર પુર્ણ કરવાનુ મુશ્કેલ બન્યુ છે. તંત્ર દ્વારા શહેરના મુખ્ય માર્ગો વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં ટ્રીમીંગ કરવામાં આવ્યુ હતુ. જયારે હવે ગ માર્ગ સહીત બાકી રહેતા મુખ્ય માર્ગો પર ભયજનક વૃક્ષોને દુર કરવા ઉપરાંત જરૂરી ટ્રીમીંગની કામગીરી હાથ ધરાશે. ખાસ કરીને નવરાત પર્વમાં સ્ટ્રીટ લાઈટનુ અજવાળુ યોગ્ય રીતે પથરાય તે માટે થાંભલાઓને નડતરરૂપ વૃક્ષોની ડાળીઓની પણ છંટણી કરાશે.

ખુટતી કડીઓ...

● ત્રીજા પાનાનું ચાલુ

આ કમિશને જિલ્લા ડેટા સેન્ટર દ્વારા કરવામાં આવતી અન્ય પ્રકાશનો તેમજ ઈ.ગ્રામ સુવિધાઓની પણ જાણકારી મેળવી હતી.

કમિશનનું પ્રતિનિધિ મંડળ પંચાયત ખાતે આવી પહોંચ્યુ ત્યારે જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ, જિલ્લા આંકડા અધિકારી એન.જી. પટેલ સહિતના અધિકારીઓએ આવકાર્યુ હતુ.

કમિશનના પ્રતિનિધિ મંડળ સાથે રાજ્યના આયોજન વિભાગના આંકડા બ્યુરોના નિયામક હુડા, આયોજનના સંયુક્ત સચિવ જે. જે. પટેલ, નાયબ સચિવ પ્રવિણ પટેલ, નંદાણી, બી.જે. ઠક્કર, એસ.એસ. સુથાર, એચ.એમ. નાયકા અને આર.આર. પંડ્યા પણ જોડાયા હતા.

આ મુલાકાત દરમ્યાન આંકડા શાળાના કર્મચારીઓ અને અધિકારીઓએ મહેમાનોને સત્કારી અને જરૂરી પૂરક વિગતો રજુ કરી હતી.